Soft skill has an endless list such as communication skill, leadership, teamwork capability, critical and structured thinking, time management, self management, creativity, body language, etc.

Three main soft skills which are prerequisite in education sector and on which teacher education has to pay attention and take action to cope up with the challenges raised in 21st century are communication skill, structured and critical thinking and creativity.

## COMMUNICATION SKILL

Communication skills are not only necessary for a person's profession but even more contributes to one's so called social competence, a fact which applies to many other soft skills also. Good social skills are reflected at workplace and hence recursively further in the career. Communication skill includes mainly-

- Delegating skills
- Listening skills
- Presentation skill
- Body language

Furthermore adequate communication skill are prerequisite for a range of other soft skills like moderating discussion, conflict management, leadership, teamwork capability, etiquette, trouble shooting etc.

## CRITICAL AND STRUCTURED THINKING

This pair of soft skills is frequently lacking in tertiary education. Both go hand in hand with problem solving abilities. Especially in today's information society it is of high importance to critically filter the endless stream of incoming data, analyze it, and make informed decisions based on it.

Analytical skills also form the base for developing solutions to any kind of problem. And also in this case the soft skills are of equal usefulness in a person's professional and private life.

## CREATIVITY

This skill is often misinterpreted as being only useful for artists, so one finds it unusual to use it for a teacher in education sector. As a skill it means "thinking out of the box", which means that given conventional rules and restrictions are left aside in order to find innovative approaches to problem solving. Brainstorming and mind mapping are well known applications of creativity in the business world.

Describing these basic soft skills in brief, question arises that how much effort do educational institute put or rather how many of them are prepared to put efforts in measuring and developing these skills among stakeholders? The answer will be very disturbing.

## SUGGESTED EFFORTS TO ENHANCE SOFT SKILLS:

- Raise awareness about importance of soft skills among all stakeholders of educational institute, which covers management, principals, academic and administrative staff, students, parents etc.
- Periodic sessions of formal training of soft skills should be organized as per the work nature.
- "Self-training" plays an important role in development of soft skills. It is based on books. So sessions of book reading which broadens the horizons should be framed. As change in personal trait often requires long term practice and therefore self training proves to be more useful in the development of soft skill.
- Formal training and self training should be used as supplementary to each other.
- Change in teaching methodology plays very important role in the enhancement of soft skill.
- Variety of programs and events organized in the institute serves as a platform to imbibe soft skill.
- Content of lecture should be considered as a vehicle to teach soft skill.
- Incorporation of soft skill subject into formal curriculum can be a big help.

*- Assistant Professor, A.G.Teachers College*

●●●

# લોકશાહી અને શિક્ષણ

- ડૉ. રમેશ પટેલ

દરેક રાષ્ટ્ર પોતાની શાસનવ્યવસ્થાને અનુરૂપ શિક્ષણપ્રણાલી રાખતી હોય છે. રાષ્ટ્રને જીવીત રાખવાનું અને પ્રગતિના શિખરો સર કરવાનું કામ શિક્ષણ કરે છે. લોકશાહી અને શિક્ષણ આ બન્ને માનવજીવન સાથે જોડાયેલા હોય છે, બન્નેમાં વ્યક્તિ કેન્દ્રસ્થાને છે. બન્ને વ્યક્તિનું કલ્યાણ તેમજ સર્વત્તોમુખ વિકાસ ઈચ્છે છે. લોકશાહી અને શિક્ષણની ભૂમિકા અને હેતુઓ એકસરખા જ છે. બન્ને વ્યક્તિનિષ્ઠ છે અને બન્નેનું અંતિમ બિંદુ માનવ છે. લોકશાહી અને શિક્ષણ બન્ને વ્યક્તિની માનસિક, શારીરિક અને નૈતિક મૂલ્યોની પ્રવૃત્તિઓને સ્વીકારે છે. આવી પ્રવૃત્તિઓનો મહત્તમ ઉપયોગ થાય તેવું ઈચ્છે છે.

ખરી કેળવણી વિદ્યાર્થીના લોકશાહી ટેવોના ઘડતરમાં રસ લે છે અને લોકશાહીને મજબૂત શિક્ષણપ્રથાની જરૂર રહે છે. જેથી લોકશાહી નાગરિકત્વ ધરાવતી વ્યક્તિઓ સર્જી શકે. લોકશાહી માનવને રોટી, કપડાં અને મકાનની મૂળભૂત સમસ્યામાંથી મુક્ત કરે છે. જ્યારે શિક્ષણ માનવીને મૂળભૂત પૂર્વગ્રહો તથા માનસિક ગુલામીમાંથી મુક્ત કરે છે. લોકશાહી એ સમૂહમાં રહેવા માટે, જીવવા માટે તેમજ વર્તવા માટેની ઉત્કૃષ્ટ ફિલસૂફી છે. લોકશાહી કેળવણી-કેળવણી તરીકે મુક્ત છે. તે બાળક પર માહિતી કે શિસ્તને લાદી દેતી નથી, તે 'સા વિદ્યા યા વિમુક્તયે'ને અનુસરે છે. લોકશાહી શિક્ષણ બાળકના સર્જનાત્મક અભિવ્યક્તિનો વિકાસ કરનાર છે. લોકશાહી સમાજ હંમેશાં પ્રગતિશીલ હોય છે તેથી લોકશાહીનું અંતિમ બિંદુ માનવ અને સમાજની પ્રગતિશીલતા છે.

લોકશાહી વિશે જ્હોન ડ્યૂઈ કહે છે કે - 'લોકશાહી ફક્ત સરકારનું જ સ્વરૂપ ન હોઈ, તેનાથી પણ કંઈક અધિક છે. તે મુખ્યત્વે સહયોગી જીવન તરફ સંમિલિત રૂપથી આપેલા અનુભવની (પ્રણાલી) વિધિ છે.'

આમ, જ્હોન ડ્યૂઈ જે સહયોગીની વાત કરે છે તે જીવનની પ્રણાલી શિક્ષણથી જ સંભવી શકે છે. હવે પ્રશ્ન એ છે કે લોકોને કેવા પ્રકારનું શિક્ષણ આપવું ? આજે જે રીતે શિક્ષણ અપાઈ રહ્યું છે તે યોગ્ય છે ? જે હોય તે પણ લોકો સારા નાગરિક બને, સહયોગપૂર્ણ જીવન જીવવાની કળા કેળવે. આમ ચોક્કસ પ્રકારે જીવન જીવવાની જીવંત પ્રણાલી લોકશાહીમાં છે.

હવે આપણે કેટલાંક લોકશાહી કેળવણીના હેતુઓ તરફ નજર ફેરવીએ.

- વ્યવહારનું ચારિત્ર્ય ઘડતર
- વ્યવસાયિક વિકાસ
- ફૂરસદના સમયનો સદ્ઉપયોગ
- વ્યક્તિની સામાજિકતાનો વિકાસ
- નેતૃત્વ શક્તિનો વિકાસ
- વ્યક્તિનો સર્વાંગી વિકાસ
- મુક્ત અભિવ્યક્તિ
- આજીવિકા પ્રાપ્તિ
- લોકશાહીયુક્ત જીવન ઘડતર
- રાષ્ટ્રભાવનાનો વિકાસ

આમ, લોકશાહી કેળવણીમાં જે હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે તે હેતુઓના ધ્યેય પ્રાપ્ત કરવા શાળાઓમાં વધુમાં વધુ પ્રવૃત્તિઓ કરવામાં આવે તો 'નિશાળને વિશાળ બનાવો'ની સંકલ્પના વિકસાવી શકાય.

શાળા એ લોકશાહીની સાચી જન્મદાત્રી છે. શાળાનું કાર્ય તો સારા ભાવિ નાગરિકો તૈયાર કરવાનું છે. આ માટે શાળાઓમાં નીચેના જેવી પ્રવૃત્તિઓ યોજી શકાય.

- વિદ્યાર્થીમંડળ અને ચૂંટણીની રચના લોકશાહી ઢબે કરવી.
- વિદ્યાર્થીઓને શાળા સંચાલનમાં સામેલ કરવા.
- શાળામાં લોકશાહી મૂલ્યોનો સ્વીકાર કરી લોકશાહીના સિધ્ધાંતો અપનાવવા જોઈએ.
- શાળામાં દૈનિક સભા અવશ્ય યોજવી જોઈએ.

  (આજે શાળામાં ભાગ્યે જ યોજાય છે)
- સ્વયંશાસનદિન તેમજ વૈશ્વિક સ્તરના દિવસોની ઉજવણી કરવી જોઈએ.
- વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વને ખીલવે તેવા કાર્યક્રમો યોજવા.
- લોકશાહીની સુટેવોનું ઘડતર થાય તેવી પ્રવૃત્તિઓ યોજવી.
- વ્યવહારમાં અને વર્ગ શિક્ષણમાં લોકશાહીયુક્ત વિચારો અપનાવવા જોઈએ. વર્ગમાં માત્ર હોંશિયારને જ પ્રોત્સાહિત ન કરવા જોઈએ. તમામનું વ્યક્તિત્વ ખીલવવા અવકાશ સર્જવો જોઈએ.
- શાળાનાં વિદ્યાર્થીઓ મુક્ત અભિવ્યક્તિ કરી શકે તે માટે ચર્ચાસભા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓ યોજવી જોઈએ.
- બાળકોમાં સંઘભાવના-સંપભાવના વિકસે તે માટે પ્રવાસ, રમતગમત તથા યુવક મહોત્સવ જેવી ગ્રુપની પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.
- લોકશાહી રાષ્ટ્રીય ભાવનાના વિકાસ માટે એન.એસ.એસ., એન.સી.સી., સ્કાઉટ, વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન વગેરે પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

આમ, જો શાળાઓમાં લોકશાહી ઢબે શિક્ષણ આપવામાં આવે તો દેશનું યુવાધન યોગ્ય માર્ગે જઈ શકે.

આયોજનો, હેતુઓ અને પ્રવૃત્તિઓ ફક્ત કાગળ ઉપર જ ન હોવી જોઈએ.

શાળાઓમાં એક-બે પાઠ, કાવ્ય કે પ્રકરણ ઓછા ચાલ્યા હશે તો ચાલશે પરંતુ પ્રવૃત્તિઓ વગરની શાળાઓ બિલકુલ નહીં ચાલે. પ્રવૃત્તિઓ વગરની શાળાઓ ખંડેર સમાન છે.

- આસિ. પ્રોફેસર, એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ

●●●

## ઈશારો

- નૈષધ મકવાણા

મિત્રો છે જાણે કે સુખ દુ:ખના સાથી, ને જીવનમાં જેનો સહારો,
પુસ્તક ને પત્રિકા નિત્ય વંચાય એવો, નાનકડો આ તો ઈશારો,
અક્ષરમાં આંખો ડૂબાવી દો પ્રેમથી,
મનડું પણ ઝબકોળી દેજો,
સાબુ કે પાણીની સહેજે જરુર નહીં,
નિર્મળતા ભીતરની લેજો,
સરવાણી વહેતી આ ગંગા છે જ્ઞાનની, વિવિધ મળશે વિચારો,
પુસ્તક ને પત્રિકા નિત્ય વંચાય એવો, નાનકડો આ તો ઈશારો,
સાહિત્ય સંગ કલાકૌશલ્ય રંગ,
ને ગીતસંગીત લય છંદની,
નીતિ-રીતિ ને વળી વાતો વિજ્ઞાનની,
પ્રશ્નોના પૂરતા પ્રબંધની,
ચિંતા મટાડે ને ચિંતન વધારે ને, સમજણમાં આવે સુધારો,
પુસ્તક ને પત્રિકા નિત્ય વંચાય એવો, નાનકડો આ તો ઈશારો,
સંસ્કારો આવે તો સંસ્કૃતિ ટકશે,
ને ઓજસ્વી અસ્મિતા ઊભરે,
સારા સાહિત્યની સંગત જો હોય તો,
વ્યક્તિનું વ્યક્તિત્વ નિખરે,
સ્વાધ્યાયની આદત જો રહેશે જીવનભર તો જીવનમાં આવશે બહારો,
પુસ્તક ને પત્રિકા નિત્ય વંચાય એવો, નાનકડો આ તો ઈશારો.

- ભૂતપૂર્વ વિદ્યાર્થી એ.જી.ટીચર્સ કૉલેજ
(હાલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણ જિલ્લો)

## રમતવીરનું ગીત...

- નૈષધ મકવાણા

ખેલકૂદ માટે બસ હસ્તી છે આપણી,
તન મનની તાજગીને મસ્તી છે આપણી.
ખેલકૂદ કરશું ને ખુશહાલ રહેશું.
ગંદકીને રોગનાભોગ નહીં બનશું.
આળસમાં જિંદગી અમસ્તી છે આપણી,
તન મનની તાજગીને મસ્તી છે આપણી.
ખેલદિલી હોવી ક્યાં એમાં નવાઈ છે,
હાર હો કે જીત હો પ્રેમની સગાઈ છે.
શિસ્ત વિના જિંદગી તો સસ્તી છે આપણી,
તન મનની તાજગીને મસ્તી છે આપણી.
સભ્યતા, સુરક્ષા ને વીરતા સમાઈ છે,
તોફાની તત્ત્વોની એમાં સફાઈ છે.
સંસ્કારો પર જબદસ્તી છે આપણી,
તન મનની તાજગીને મસ્તી છે આપણી.
દેશ માટે જીવશું ને દેશ માટે મરશું,
સૌના ઉત્થાન માટે કામ સારા કરશું.
લાગણી આ દિલમાં વરસતી છે આપણી,
તન મનની તાજગીને મસ્તી છે આપણી.

# ઈન્ફરમેશન ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ

- પથિક બારોટ

વર્તમાન સમયમાં ઈન્ફરમેશન ટેકનોલોજીનો ઉપયોગ રોજબરોજના કાર્યોમાં જોવા મળે છે. આજના વિદ્યાર્થીઓ પણ વધુમાં વધુ ઉપયોગ કરતા થઈ ગયા છે ત્યારે શાળા, કૉલેજ દ્વારા ઈન્ફરમેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવો અનિવાર્ય થઈ ગયો છે. ઈન્ફરમેશન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શિક્ષણની પ્રક્રિયાને અસરકારક અને રસપ્રદ બનાવી શકાય છે અને વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્યમાં ધ્યાન પણ કેનદ્રિત કરી શકાય છે. આમ, ઈન્ફરમેશન ટેકનોલોજી શિક્ષણમાં ઘણી રીતે ઉપયોગી છે જે સમજવું ખૂબ જ જરૂરી છે. આમ, શિક્ષણમાં ઈન્ફરમેશન ટેકનોલોજીના ઉપયોગ વિશે નીચે મુજબ કેટલીક માહિતી આપવામાં આવી છે.

- પાવરપોઈન્ટ પ્રોગ્રામમાં સ્લાઈડ તૈયાર કરી વિવિધ વિષયોના એકમ કે મુદ્દાઓની અસરકારક રજૂઆત કરી શકાય છે.
- પુસ્તકાલયમાં ઈન્ફરમેશન ટેકનોલોજી ખૂબ જ ઉપયોગી છે.
- અપ્રાપ્ય પુસ્તકોનો સંગ્રહ કરી કમ્પ્યુટરમાં સાચવી શકાય છે.
- કમ્પ્યુટરમાં નેટવર્કની સુવિધાનો ઉપયોગ કરી માહિતી કે વિષયવસ્તુને એક જ સમયે જુદા જુદા વિદ્યાર્થીઓ સમક્ષ દર્શાવી શકાય છે.
- ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા નવા નવા પુસ્તકો વિશે માહિતી મેળવી શકાય છે.
- શૈક્ષણિક સંશોધનમાં માહિતીનું વર્ગીકરણ, પૃથ્થકરણ અને અર્થઘટન કરવા માટે ખૂબ જ ઉપયોગી છે.
- વિદ્યાર્થીઓની માહિતી વાલીઓને ઈ-મેઈલ દ્વારા ઝડપી અને સરળતાથી મોકલી શકાય છે.
- દૂરવર્તી શિક્ષણની સફળતા માટે ઈન્ફરમેશન ટેકનોલોજીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.
- વિડિયો કોન્ફરન્સ અને ઓડિયો કોન્ફરન્સ દ્વારા અન્ય રાજ્યો કે વિદેશમાં વ્યાખ્યાન આપી શકાય છે કે વ્યાખ્યાન વિદ્યાર્થીઓને બતાવી શકાય છે.
- નિષ્ણાંત વ્યક્તિઓનો લાભ વિડિયો કોન્ફરન્સ દ્વારા મેળવી શકાય છે.
- શિક્ષણના નૂતન પ્રવાહોની જાણકારી ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા મેળવી શકાય છે.
- સંશોધન કરનાર વ્યક્તિ પોતાના સંશોધન વિષયને લગતું સંદર્ભ સાહિત્ય ઈન્ટરનેટ દ્વારા સરળતાથી મેળવી શકે છે જેથી સમયનો બચાવ થાય છે.
- બહુ સંપુટ માધ્યમ દ્વારા મોટા સમૂહને એકસાથે શિક્ષણ આપી શકાય છે.
- શિક્ષણ સાથે સંકળાયેલી વિવિધ વ્યક્તિઓ સાથે ઈ-મેઈલ, ચેટિંગ દ્વારા ચર્ચા કરી શકાય છે. આ માટે ઓરકુટ (www.orkut.com), ફેસબુક (www.facebook.com), યાહુ જેવી વેબસાઈટ નિઃશુલ્ક સેવા આપે છે.
- બ્લોગનો ઉપયોગ કરી શિક્ષણને લગતી માહિતી દુનિયામાં ગમે ત્યાં પહોંચાડી શકાય છે. આ સુવિધા માટે બ્લોગર.કોમ (www.blogger.com), વર્ડપ્રેસ.કોમ (www.wordpress.com) જેવી વેબસાઈટ ઉપલબ્ધ છે.
- વિશ્વની વિવિધ શાળાઓ, યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ વિશેની માહિતી સરળતાથી મેળવી શકાય છે.

- શિક્ષણને લગતા વિવિધ નિયમો, પરિપત્રો વિશે જાણકારી મેળવવા માટે ઈન્ફરમેશન ટેકનોલોજી ખૂબ જ ઉપયોગી છે.
- શિક્ષણમાં ઉપયોગી એવા દશ્ય-શ્રાવ્ય વિડિયો ક્લિપ પણ ઈન્ફરમેશન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા મેળવી શકાય છે. આ માટે **www.youtube.com** વેબસાઈટ ખૂબ જ ઉપયોગી છે.
- પરીક્ષાના પ્રશ્નપત્રોની રચના માટે, છાપવા માટે તથા તેમનો સંગ્રહ કરવા માટે કમ્પ્યુટર ખૂબ જ ઉપયોગી છે.
- **OMR** પ્રકારની પરીક્ષાની ઉત્તરવહીઓ પણ કમ્પ્યુટર દ્વારા ચકાસી શકાય છે.
- ઈન્ફરમેશન ટેકનોલોજીનો ઉપયોગ કરી ઓનલાઈન પરીક્ષા લઈ શકાય છે. જેમાં દેશ-વિદેશની કોઈપણ વ્યક્તિ ગમે તે સ્થળે પરીક્ષા આપી શકે છે.
- વિદ્યાર્થીઓના પરિણામ માટે સરાસરી, ટકાવારી, ક્રમ નક્કી કરવા જેવી વિવિધ ગણતરીઓ ઈન્ફરમેશન ટેકનોલોજીના માધ્યમથી સરળતાથી અને ચોક્કસાઈપૂર્વક કરી શકાય છે.
- વિદ્યાર્થીઓનું પરિણામ શાળાઓ, કૉલેજો કે યુનિવર્સિટી પોતાની વેબસાઈટ પર મુકી શકે છે. જેથી વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા પ્રમાણે પરિણામ જોઈ શકે છે.
- શાળા, કૉલેજો, યુનિવર્સિટીઓ જેવી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પોતાના જરૂરી દસ્તાવેજો અને માહિતીનો સંગ્રહ સરળતાથી કરી શકે છે.

આમ, વર્તમાન ટેકનોલોજીના સમયમાં ઈન્ફરમેશન ટેકનોલોજી એ શિક્ષણનું અભિન્ન અંગ બની ગયું છે. જેને કારણે શિક્ષકો અને અધ્યાપકોએ શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષણની અસરકારકતા વધારવા માટે ઈન્ફરમેશન ટેકનોલોજીનો ઉપયોગ અચૂક કરવો જોઈએ.

- આસિ.પ્રોફેસર, એમ.એડ્. કૉલેજ, વડુ

●●●

# વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિઓનો અહેવાલ

- ઉર્વિશ પટેલ

માધ્યમિક શિક્ષણ-પ્રશિક્ષણ ક્ષેત્રે, જેનું આગવું પ્રદાન છે, એવી ગુજરાતની ખ્યાતનામ સંસ્થા તથા જેને નેક કમીટી દ્વારા 'એ' ગ્રેડ પ્રાપ્ત થયેલ છે તેવી સંસ્થા એ.જી.ટીચર્સ કૉલેજમાં પ્રવેશ મળતાંજ એક જુદા જ પ્રકારના આનંદનો અમે અનુભવ કર્યો અને આખાય વર્ષ દરમિયાન તેમાં કોઈ કમી મહેસુસ થઈ નથી.

વિવિધ વિદ્યાશાખાઓમાંથી, સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવીને આવેલા અમારામાંના કેટલાક તો પ્રત્યક્ષ રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષક તરીકે અનુભવ મેળવીને આવેલા હતા. એટલે પ્રતિભા, અનુભવ અને યૌવનનું ત્રિવેણી સંગમ થયેલું જોવા મળ્યું.

કૉલેજની શરૂઆત ૧૫ મી જુલાઈ ૨૦૧૦થી થઈ. ગુરુવારના દિવસે પ્રથમ વાર અમે સૌ આ કૉલેજમાં આવ્યા અને અમે 'એ.જી.ટીચર્સ કોલેજ' પરિવારના સભ્ય બન્યા એટલે 'એજિયન' બન્યા. સભાખંડમાં હાજરી આપ્યા બાદ ધોરણ ૧૨ પછીના ઘણા લાંબા ગાળા બાદ ગુરુ શિષ્યની પરંપરા અહીં જીવંત જોવા મળી. શાળામાં રહેલી પરંપરા મુજબ પ્રાર્થનામાં મસ્તક ઝુકાવ્યુ અને પોતપોતાના આરાધ્યદેવ તથા સરસ્વતી માતાને યાદ કરી બી.એડ્. કૉલેજમાં અભ્યાસની શરૂઆત કરી.

અહીં વિદ્યાર્થીમંડળના ઉપક્રમે અમે કરેલા કાર્યક્રમોની આછી રૂપરેખા આપની સમક્ષ રજુ કરતાં હું સહર્ષ આનંદની લાગણી અનુભવું છું. આપણી કૉલેજમાં ૩૦મી જુલાઈ, ૨૦૧૦ના રોજ ડૉ. મુગટલાલ જે. થાનકીસાહેબે આવીને 'એક્યુપ્રેશરનું મહત્ત્વ' એ વિષયક માહિતી પૂરી પાડી. ૩૧મી જુલાઈ, ૨૦૧૦ના રોજ ગુજરાત યુનિવર્સિટીના એક્ઝિબિશન હોલનું ઉદ્‌ઘાટન તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ-વૃક્ષારોપણ દિવસનીઉજવણીના ઉપક્રમે હેલ્મેટ ચાર રસ્તા પાસે યોજાયો હતો, આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદી તથા ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતીમાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. ૫ મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ કૉલેજમાં 'માતાજીનો ગરબો'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર માતાજીના ગરબાનું ગાન કર્યું હતું. ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ કૉલેજમાં દેશભક્તિ ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ કૉલેજમાં 'લોકસાહિત્ય' વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે લોકસાહિત્યના ભેખ ધારી એવા પ્રવીણભાઈ (લોકસાહિત્યકાર) અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આજ દિવસે કૉલેજમાં તાલીમાર્થીઓને કારકિર્દી તરફ જાગૃત બને તે ઉદ્દેશથી અમેરિકાથી આવેલ જો ટીડવેલ અને અંશુમનભાઈ દેસાઈ જેવા વ્યાખ્યાનકારો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, તેમાં વિદ્યાર્થીઓના રસના વિષયમાં કારકિર્દી બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ ગુજરાતના સંદર્ભમાં કૉલેજમાં ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ચાર ટીમો વાલ્મિકી, વસિષ્ઠ, વિશ્વામિત્ર તથા સાંદીપની નામની હતી. દરેક ટીમમાં ચાર વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધા ખુબ જ રસપ્રદ બની હતી. આ સ્પર્ધામાં વસિષ્ઠ તથા સાંદીપની વિજેતા જાહેર કરવામાં આવી હતી. ૧ ઓક્ટોબર, ૨૦૧૦ના કૉલેજમાં રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓ માટે ખો-ખો, કબડ્ડી, સતોડિયા તથા વ્યક્તિગત રમતો જેવી કે ગિલ્લી દંડા, ભમરડો અને બહેનો માટે ખોખ્ખો, સતોડિયા તથા વ્યક્તિગત રમતો જેવી કે લંગડી, દોરડા-કુદ અને કોડીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭મી ઓક્ટોબર, ૨૦૧૦ના રોજ ડૉ. કલ્પેશભાઈ પાઠક સાહેબની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીપ્રતિનિધિ મંડળના સભ્યોની

સોગંધવિધિ થઈ હતી.

૨૩મી ઓક્ટોબર, ૨૦૧૦ના રોજ કૉલેજમાં એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૨મી નવેમ્બર, ૨૦૧૦ના રોજ 'વિદ્યાર્થીની રૂચિ પ્રમાણેનું જ્ઞાન આપવું' જેવા વિષય પર એકાંકી નાટક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૩મી નવેમ્બર, ૨૦૧૦ના રોજ ગુજરાત યુનિવર્સિટીનો હિરક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગુજરાત યુનિવર્સિટીની કાર્યપ્રણાલી તથા તેના ઈતિહાસ વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી વિધિ ઓઝા દ્વારા આપવામાં આવી તથા 'વાંચે ગુજરાત' અંતર્ગત વિદ્યાર્થીઓએ કરેલા બુક રિવ્યુ વિદ્યાર્થી સમુહમાંથી કોઈપણ પાંચ વિદ્યાર્થીઓને યાદચ્છિક રીતે પસંદ કરી તેમણે વાંચેલી બુક વિશે માહિતી આપી. ૩જી ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ કૉલેજમાંથી ૧ દિવસનો 'સરદાર સરોવર' સ્થળની મુલાકાતનો પ્રવાસ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ આ પ્રવાસની ખુબ જ મજા લુટી. તથા આ પ્રવાસનો અનુભવ જીવનપર્યંત યાદ રહે તેવો હતો. ૪થી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ જુના ગીતોના 'ગાન દ્વારા મનોરંજન કાર્યક્રમ' રાખેલ હતો, તેમાં ચક્ષુહીન અરવિંદભાઈ બારોટે જુના જમાનાના સદાબહાર ગીતો રજૂ કર્યા તથા અનિલભાઈ જોશીએ પોતાની આગવી અદામાં વિદ્યાર્થીઓ સમક્ષ જુદા જુદા શેર તથા જોક્સ રજુ કર્યા હતાં. ૫ મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ ડૉ. ગ્રીવા શાહ દ્વારા **Inclusive Education** વિશે જ્ઞાન આપ્યું હતું. તેઓએ માનસિક અને શારીરિક રીતે જો બાળકો થોડા અસ્થિર હોય તેવા બાળકોના લક્ષણો તથા તેમને કેવી રીતે ભણાવી શકાય, તેમના વ્યક્તિત્ત્વનો વિકાસ કેવી રીતે કરી શકાય તે વિશે માહિતી આપી. ૭મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ 'શેક્સપિયર- એક વિશ્વમાનવ' વિષય પર વ્યાખ્યાન આયોજીત કર્યું હતું. આ વ્યાખ્યાન આપવા માટે શ્રી ટી.જે. પુરાણી મુખ્ય અતિથિ તરીકે આવ્યા હતા, તેમણે શેક્સપિયરની સાહિત્ય યાત્રા તથા તેમણે લખેલા સાહિત્યથી માહિતગાર કર્યા હતા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ વાઈબ્રન્ટ ગ્લોબલ સમીટ ૨૦૧૧ અંતર્ગત મેગા એક્ઝીબિશનની મુલાકાત કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી. અહીં પ્રદર્શનને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. આ પ્રદર્શનોમાં જુદાં-જુદાં પ્રકારની સાંસ્કૃતિક વિરાસતને લગતી બાબત, ગુજરાતનો સમુદ્રકિનારો, ઈકો સિસ્ટમ, રાજ્યનું અર્થતંત્ર, આંતરમાળખાકીય સુવિધાઓ, ઉદ્યોગ તથા રાજ્ય સરકારનું વિઝન વગેરે વિશે માહિતી રજુ કરવામાં આવી હતી. ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ યોગક્ષેમ સંસ્થા દ્વારા માનવ અધિકારના રક્ષણના સંદર્ભમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે યોગક્ષેમ ગૌરવ સંસ્થાનના પ્રમુખ રાજેન્દ્ર શુક્લ, અગ્રસચિવ શ્રી પી.એમ.પટેલ, મીનાબહેન વગેરેની ઉપસ્થિતિ હતી તથા ભવિષ્યમાં આપણા માનવ અધિકારના રક્ષણ માટે જરૂરી પુસ્તકોનું વિના મુલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ સર્વાંગી શિક્ષણના સંદર્ભમાં એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગાંધી વિચારોથી પ્રેરાયેલા ભાલચંદ્ર જોષી સાહેબે ગાંધીજી દ્વારા આપેલી કેળવણીની વ્યાખ્યાની હિમાયત કરી હતી, તથા તેમણે જણાવ્યું હતું કે શિક્ષકે તેની સામે બેઠેલા જીવંત તત્ત્વને સમજવાની જરૂર છે, તેના પર ભાર મુક્યો હતો. ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ નવનીત પ્રકાશનની સહસંસ્થા દ્વારા કૉલેજમાં **'e-sense થી e-learning'** કેવી રીતે કરાવી શકાય તે વિષય પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેના ઉપયોગથી વિદ્યાર્થી પોતે વધુ સારી રીતે અભ્યાસ દૃઢ કરી શકે તેવી માહિતી આપવામાં આવી હતી. ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ આપણી કૉલેજમાં **'J. Krishna Murthy on Education'** વિષયક વ્યાખ્યાન આપવા માટે વિદ્યાનગર હાઈસ્કૂલના સુપરવાઈઝર અને અંગ્રેજી વિષયના શિક્ષક એવા શ્રી હર્ષવર્ધન શેઠ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કૉલેજને 'ગીતાની યોગ સાધના' અને 'ગુરુ ચરણે' પુસ્તક ભેટ આપ્યા હતા.

વર્ષના પ્રારંભથી જ આપણી કૉલેજમાં ઘણી બધી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજ બહારની ઘણી બધી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં આપણી કૉલેજનો પ્રથમ નંબર આવ્યો હતો. આ નંબર લાવનાર બંને વિદ્યાર્થીઓ વિધિ ઓઝા તથા રાહુલ ઠક્કરનો કૉલેજ આભાર માને છે.

વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર કેવો હોવો જોઈએ તેનો ખ્યાલ આચાર્યશ્રી અને અન્ય ગુરુજનોએ મને આપ્યો. તથા એજિયન પરિવાર હંમેશા સમૃધ્ધ અને પુલકિત થતો રહે તેવી આશા રાખુ છું !

વર્ષ દરમિયાન વિદ્યાર્થીમંડળને તેની અનેક પ્રવૃત્તિઓમાં સહાયભુત થનાર વિદ્યાર્થીમિત્રો, કૉલેજ કાર્યાલય અને પુસ્તકાલયના કર્મચારી તથા પટાવાળા ભાઈઓ અને બહેનોનો અત્રેથી હું આભાર માનું છું. અમારા સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સમય અને જરૂરી સવલતો આપી વર્ષ દરમિયાન માર્ગદર્શન આપનાર પૂજ્ય આચાર્યશ્રી ડૉ. સી.પી. પટેલસાહેબને હંમેશા યાદ રાખીશ. તથા જીવનક્ષેત્રની દીક્ષા જ્યાંથી મળે છે એવી આ સંસ્થાના અમે ઋણી છીએ.

અંતે, આપણે સૌ એવા પંથના યાત્રીઓ છીએ કે જે પંથમાં શિશુઓના કોમળ હૈયાને વાણીથી જ ઝંકૃત કરવામાં આવે છે. દિવસો દિવસ ઉજ્જવળતાની આશા રાખવામાં આવે છે અને ધરતીની ધૂળના કણકણમાંથી નવી નવી પ્રતિભાઓ જન્માવવાના પડકાર ઝીલી લેવામાં આવે છે. હું આશા રાખું કે આપણે શિક્ષણપંથના સાચા યાત્રી બનીને સ્નેહ, શ્રધ્ધા અને માનવ સંબંધોના મૂલ્યોનું જતન કરીએ. આવતીકાલ જો સમૃધ્ધ થવાની હશે તો તેમાં પહેલો હાથ આપણો જ હશે એવી શ્રધ્ધા રાખુ છું. કૉલેજનો છેલ્લો વાર્ષિક અંક લગભગ એકાદ દાયકા પહેલા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. ઘણા લાંબા સમય બાદ ગુરુજનોની પ્રેરણા તથા તાલીમાર્થી મિત્રોના ઉત્સાહ અને સાથ સહકારથી ફરી એકવાર આ અંક બહાર પાડતાં ઘણો આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

*-મહામંત્રી, વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ, ૨૦૧૦-'૧૧*

●●●

## વિદ્યાર્થીઓની કલમે...

# માતા-પિતા : ઈશ્વરીય ભેટ

- ગાયત્રી જે. પટેલ

'સાકર વિના મોળો સંસાર
મા વિના સૂનો સંસાર'

મિત્રો, આમ તો આ ફક્ત એક કવિતાની પંક્તિ જ છે. પરંતુ તેમાં રહેલાં હાર્દ તો તેને જ સમજાય જેણે પોતાના માતા-પિતાને દિલથી સમજ્યા હોય. કોઈપણ વ્યક્તિનું અસ્તિત્વ તેના માતા-પિતાના કારણે જ હોય છે. ખરેખર માતા-પિતા વિનાની દુનિયા બિલકુલ નીરસ છે. આ વિશ્વમાં એવી ઘણી વસ્તુઓ છે જેનાથી આપણને સુખ, સમૃધ્ધિ, શાંતિ, સફળતા વગેરે મળે છે. પરંતુ જે કિંમતી વસ્તુ માતા-પિતા પાસેથી મળે છે તે દુનિયાની કોઈપણ વ્યક્તિ પાસેથી ન મળી શકે.

આપણા ભારતમાં જુદાં-જુદાં ધર્મોના લોકો પોતપોતાના ઈશ્વરની પૂજા કરે છે, પરંતુ તેની આ પૂજા ત્યારે જ સફળ થાય જ્યારે પોતાના માતા-પિતાને પણ ઈશ્વર સમાન જ ગણ્યા હોય. એવું કહેવાય છે કે, જેણે પોતાના માતા-પિતાને નારાજ કર્યા તેને ભગવાનને નારાજ કર્યાં. મુસ્લિમ સમાજમાં કહેવાય છે કે 'મા કે પૈર મેં જન્નત હોતી હૈ' એટલે કે માતાના ચરણોમાં જ સ્વર્ગ છે. જે વ્યક્તિએ પોતાની માતાની કદર કરી, તેની સેવા કરી, તેને સુખ આપ્યું, તેણે તો મૃત્યુ પહેલાં જ સ્વર્ગ પ્રાપ્ત કરી લીધું, તેથી જ કહેવાયું છે કે, 'એ મા તેરી સૂરત સે અલગ ભગવાનકી સૂરત ક્યાં હોગી'

માતા-પિતામાં માતાનો દરજ્જો વધુ ઊંચો છે. કારણ કે મા નવ મહિના સુધી પોતાના ગર્ભમાં બાળકનું જતન કરે છે, ગર્ભાવસ્થા દરમિયાન તે ડૉક્ટરની તમામ સૂચનાઓનું પાલન કરે છે. શું તે આ બધું પોતાના સ્વાર્થ માટે કરે છે. ના તે આ બધુ ફક્ત પોતાના બાળક માટે જ કરે છે. એટલું જ નહીં બાળકના જન્મ પછી પણ મા તેની તમામ તકલીફો દૂર કરે છે. તેની દરેક વ્યાજબી જરૂરિયાતો પૂરી કરે છે. તેને પોતાના જીવથી પણ વધારે સાચવે છે. પોતાના મુખનો કોળિયો બાળકને ખવડાવે છે. પોતાના સંતાનો માટે મા તેના પતિ, ઘરના અન્ય સભ્યો અને દુનિયા સાથે પણ ઝઘડો કરે છે. માની મમતા ફક્ત મા જ સમજી શકે, બીજું કોઈ નહીં.

આપણા સમાજમાં એવા પણ કેટલાક કિસ્સા છે જેમાં પોતાના સંતાન માટે માતાએ સમાજમાં કેટલાંક મેણાં-ટોણાં સાંભળ્યા હોય, પોતાના પતિ, ઘર-પરિવારને ત્યજી દેવા પડ્યા હોય. ખોટા અપમાનો અને આરોપો તેના પર લગાવવામાં આવ્યા હોય. આ બધું જ મા ફક્ત પોતાના સંતાન માટે જ સહન કરે છે. મા જન્મથી મૃત્યુ સુધી પોતાના સંતાનની સાથે રહેવા માંગે છે. પરંતુ આજના સંતાન આવું ઈચ્છતા હોતા નથી.

મિત્રો, આપણા સમાજમાં સગી મા એટલે જનેતા. જનેતા સિવાય પણ પારકી મા એટલે કે સાવકી માનું અસ્તિત્વ છે. સાવકી શબ્દ આવતાં જ આપણાં મગજમાં એવો વિચાર આવે કે ત્રાસ આપનારી મા- કેટલીક સાવકી મા ખરાબ વર્તણૂકવાળી તેમ જ કડક સ્વભાવની હોય છે. પરંતુ કેટલીક સાવકી મા સગી માથી પણ સવાયી હોય છે. યશોદા મા કૃષ્ણની જનેતા નહોતા, તેમ છતાં તેમણે કૃષ્ણને એવા જ લાડ-કોડમાં ઉછેર્યા, જે રીતે એક સગી મા ઉછેરે.

તેથી કહેવાય છે કે 'જન્મદાતા કરતાં પણ પાલનહાર મોટો હોય છે.

પિતાનો દરજ્જો ભલે માતા પછીનો હોય પણ કોઈ પણ સંતાન માટે તે ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. પિતા પોતાના સંતાનનો બહારની દુનિયા સાથે સંપર્ક કરાવે છે. તેને દુનિયાના નીતિ-નિયમો શિખવાડે છે. દુનિયાની હકીકતોથી વાકેફ કરાવે છે, કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શન આપે છે. દરેક માતા-પિતા એવું ઈચ્છે છે કે તેના સંતાનો સાચા માર્ગે ચાલે અને દુનિયાના છળ-કપટથી દૂર રહે, આ માટે તે બાળપણથી જ પોતાના સંતાનમાં ઉચ્ચ સંસ્કારનું સિંચન કરે છે.

જેથી આગળ જતા ભવિષ્યમાં તેમનું સંતાન સાચા-ખોટાની ઓળખ કરી શકે. એટલે જ માતા માટે આપણે કહીએ છીએ કે

'એક માતા સો શિક્ષકની ગરજ સારે'

મિત્રો, આજે હું અરે ! હું શું પણ આપણે બધા અહીં સુધી પહોંચ્યાં છીએ, જે સફળતા પ્રાપ્ત કરી છે તે આપણા માતા-પિતાના આશીર્વાદ અને તેમની દુવાઓના કારણે જ. જ્યારે જિંદગીમાં ગમે તેવી મુશ્કેલી આવે, કંઈ જ સુઝતું ન હોય, મુશ્કેલીનો હલ ન મળતો હોય તો આંખો બંધ કરીને માતા-પીતાને યાદ કરજો, તમારી દરેક મુશ્કેલીઓ દૂર થઈ જશે અને તમે સફળતાના શિખરો સર કરશો.

કદાચ ઉપરની તમામ વાતોથી સૌ વાકેફ હશો પરંતુ મારે જે મહત્ત્વની વાત કરવાની હતી તેના માટે આ વાતો જરૂરી હતી.

આધુનિક સમયમાં આપણા ભારત જેવા દેશમાં જે વાતાવરણ ઊભું થયું છે તે દરેક સંતાન માટે ખૂબ જ શરમજનક વાત છે. હા, હું વાત કરી રહી છું સંતાન દ્વારા કરવામાં આવતા માતા-પિતાના તિરસ્કારની. આજના યુગમાં વહુ અને દીકરો પોતાના મા-બાપને ધક્કા મારીને ઘરની બહાર કાઢી મૂકે છે. તેમને ત્યજી દે છે. કેટલાક દંપતિઓ સંપત્તિ, ધન પ્રાપ્ત કરવા માટે પણ મા-બાપ સાથે ગંદી રમતો રમે છે, તેમને દુઃખ પહોંચાડે છે અને કેટલાક લોકો હાર ચઢાવવા માટે મા-બાપના સુંદર ફોટા પડાવી રાખે છે. અરે ! ધિક્કાર છે આવા સંતાનને. મા-બાપ આ બધું પોતાના સંતાનની ખુશી માટે હસતા મોઢે સહી લે છે.

દોસ્તો, હું તમને એ જ સમજાવવા માગું છું કે આપણે યુવાન જરૂર છીએ, પરંતુ બુધ્ધિશાળી કે સમજદાર નથી. જે વ્યક્તિ બીજા લોકોની વાતોમાં આવીને પોતાના મા-બાપ સાથે દુર્વ્યવહાર કરે છે, તે ખરેખર કમનસીબ છે. આમ કરીને તે પોતાના ભગવાનનું અપમાન કરે છે. મિત્રો આવી વ્યક્તિને અહીં નહીં તો ઉપરવાળાની અદાલતમાં જરૂર જવાબ આપવો પડશે.

આપણા માતા-પિતા આપણને જે શિખામણ આપે છે તે આપણા સારા માટે જ હોય છે. મા-બાપ અને આપણાં વચ્ચેના અણબનાવોનો ફાયદો બીજા કોઈને ન મેળવવા દો. જો મા-બાપ આપણી ભૂલોને માફ કરી શકતા હોય તો પછી આપણે કેમ નહીં. મા-બાપ સાથે સુખ-શાંતિથી રહેવામાં જ સમજદારી છે. આ વાત તમારા મગજમાં ફિટ બેસાડી દો.

લખવા માટે તો આ ફક્ત શબ્દો છે, પરંતુ જે કોઈ આનો અર્થ સમજી શકે તેના માટે તો સોનાથી પણ વિશેષ છે. આ વાતો કદાચ તેને જલદી સમજાઈ જશે, જેના મા કે પિતા આ દુનિયાથી ઘણા દૂર જતાં રહ્યાં છે. તેથી જ આપણા હાથમાંથી સમય વહી જાય તે પહેલાં આપણે એ સમજી લેવું જોઈએ કે 'માતા-પિતા આપણા દરેક માટે ઈશ્વરની એક અમૂલ ભેટ છે.'

આવો મિત્રો, આજે આપણે એક પ્રતિજ્ઞા લઈએ કે આપણે આપણા માતા-પિતાની દરેક પરિસ્થિતિને સમજીશું, તેમની ખૂબ સેવા કરીશું, વૃધ્ધાવસ્થામાં તેમની લાકડી બનીશું, અને તેમને 'વૃધ્ધાશ્રમ'નો દરવાજો ક્યારેય નહીં દેખાડીએ.

આટલું કરીને પણ આપણે તેમનું ઋણ ક્યારેય નહીં ચૂકવી શકીએ.

'ભૂલો ભલો બીજું બધુ પણ, મા-બાપને ભૂલશો નહીં.
અગણિત છે ઉપકાર એના, એને વિસરશો નહીં.'

●●●

# એ.જી. ટીચર્સના આંગણામાં આવતાં-જતાં

**- કરશન પી. પટેલ**

મનની મહેચ્છાઓ સાથે એ.જી. ટીચર્સ કૉલેજના આંગણામાં પગ મૂકતાં જે આનંદ થયો તે કલ્પી શકાય નહીં. એ.જી.ની પ્રવૃત્તિઓમાં વૃક્ષો વાવો ને વરસાદ લાવોથી પ્રારંભ થયો. આવા માહોલમાં મેઘ જ્યારે મન મુકીને વરસવાનો આરંભ કરે છે ત્યારે માઈક્રોટીચીંગ મન મુકીને માણ્યું અને માહિર થયા. આવા સમયમાં એટલું શીખ્યા માઈક્રોટીચીંગ એટલે...

મા - માનતા હતા જે મનમાં તેથી તદ્દન જુદું.

ઈ - ઈર્ષા થઈ અમારી દૂર

ક્રો - ક્રોધ કરવો હિતાવહ નથી.

ટી - ટીખળ સમજશો તો નહીં પરવડે

ચીં - ચિંતા કરવી નહીં

ગ - ગાતા રહોને કૌશલ્યો શીખતા રહો.

સિમ્યુલેશનનાં પાઠોનો સમય આવતાં શાંતિ થશે તેવી ભાવનાથી શરૂઆત કરતાં, સ્ટ્રેલેશન, બ્લોકટીચીંગ અને ઈન્ટર્નશીપને આવકારતાં ઘણું બધું જાણવા, પામવા અને શીખવા મળ્યું. છતાં આટલું તો ક્યારેય ન ભૂલાય તેવું ચોક્કસ કહી શકીએ.

કરેલું કામ ક્યારેય ફોગટ જતું નથી. તાલીમી સ્નાતકની પદવી લઈને જ્યારે આપણે સમાજમાં જઈશું ત્યારે કોઈની મિટ (નજર) આપણા ઉપર જરૂર હશે. આ પદવી લઈને જતાં પહેલાં આપણે થોડી સજ્જતા કેળવવી પડશે અત્યાર સુધી ઘણું બધું શીખતા આવ્યાં છીએ અને કાયમ શીખતા રહીએ એ આપણો જીવનમંત્ર હશે. ઘર, ફળિયું અને ચોરામાંથી પસાર થઈને આવતું બાળક આપણી સમક્ષ અનેક પ્રશ્નો, અપેક્ષાઓ અને નવું જાણવાના થનગનાટ સાથે જ્યારે નૃત્ય કરતું ઊભું હશે ત્યારે તેને કેળવવું કઈ રીતે ? તેની જવાબદારી સમાજ આપણા શીરે મુકે છે. આવી જવાબદારીનું વહન કરવાં આપણી સમક્ષ અનેક પડકારો આવશે. આ પડકારોને જીલવાની ક્ષમતા માટે સજ્જ રહેવું પડશે. 'હિંમતે મર્દા તો મદદે ખુદા'ની ભાવના રાખી એક નવો ચીલો ચિતરવાનો છે. કોઈ તરસ્યાને સિંચવાનો છે, તજજ્ઞ મળે તો તેની પાસેથી શીખવાની ભાવના રાખવી પડશે. સમય કિંમતી છે તેવું સૌ કહે છે, પણ જે સમય મળ્યો છે તે કિંમતી છે તેમ સમજવાનું છે નહીં કે વિતિ ગયેલા સમય પાછળ રોદણાં રડવાનાં. આવનાર સમયનો વિચાર નથી કરવાનો, તે તો ચોક્કસ આવી ને જ રહેશે. અનેક અવતારોમાં એક મનુષ્યનો અવતાર મળ્યો છે, તો માણસ તરીકે માણસ બની રહેશું એવું ચોક્કસ શીખવા અને જીવનમાં ઉતારવા મળ્યું છે.

●●●

## વૈભવી

- વૈભવી આર. પટેલ

'મીણબત્તી જેવું જીવન અમારું શ્વાસની આગ લઈ બળ્યા કરીએ,
માનવ સમાજને પ્રજવલ્લિત કરી, હર ક્ષણમાં પીગળ્યા કરીએ..

દિવસો ક્યાં વહે છે તેના પ્રવાહને કદાચ હું પકડી શકી હોત. ૨૩ વર્ષની પરીપકવતા સાથે ૨૪ વર્ષની પૂર્ણતામાં પ્રવેશી ચૂકેલી સંબંધોની ગહનતાનું લાઈસન્સ ધરાવતી હું વૈભવી, નામના ઉચ્ચારણ સાથે શરીરના તાર રણઝણી ઊઠે, જાણે સ્ત્રી શક્તિનો વિરાટ વૈભવ, મારી પ્રકૃતિ હજુ યુવતીની જ છે પરંતુ મારામાં એક સંપૂર્ણ સ્ત્રીનો સમાવેશ થાય છે. હજી હમણાં જે કેટલાક વર્ષો પહેલાં મારાં પિતાની આંગળી પકડી સ્કૂલે જનારી બાળકી અને હવે જીન્સ અને ટીશર્ટની મજા માણતી સ્વરૂપવાન યુવતી. મારા કુટુંબમાં મારા પિતાની અમે ચાર પરીઓ ઝંખના, પ્રેરણા, ઝરણા અને હું વૈભવી. ગુજરાત યુનિવર્સિટીની વાંકીચૂકી ગલીઓમાંથી પસાર થઈ વિજ્ઞાન પ્રવાહમાં અનુસ્નાતક ડીગ્રીમાં મારા સોનેરી અસ્તિત્વને પરિશ્રમની આગમાં તપાવી સંકલ્પની એરણ પર ઘડતર કરી સફળતાના શિખરો સર કરવાનું સામર્થ્ય ધરાવનાર યુવતી, સુંદરતાની લહેરો વહાવતી, અદ્દભૂત આત્મા ધરાવતી અલૌકિક સ્ત્રી...વૈભવી.

આ દુનિયામાં દરેક સ્ત્રીની પોતાની એક અલગ દુનિયા હોય છે તેમ મારી પણ એક અલગ દુનિયા છે. ઘરથી કૉલેજ સુધીના સફરમાં મારા મનને સ્પર્શેલી કેટલીક કળીઓ એટલે કે મારી પ્રિય સખીઓ ભાવના, ઈંદુ, રીંકુ, શીતલ, કનીતા, વૈશાલી, હેતલ. સ્વાર્થ વગરના લાગણીઓના સ્પષ્ટ સંબંધો એટલે મિત્રતા. યુનિવર્સિટીની કેન્ટીન હોય, ક્લાસ રૂમ કે પછી ચાની કીટલી અમે એકબીજાના હાથમાં હાથ પરોવી ચાની સાથે ઘરેથી બનાવેલ થેપલા, હાંડવો તો ક્યારેક પાણીપુરી કે સેન્ડવીચની લિજ્જત માણતા. આ દુનિયા અમને અમારી પોતાની લાગતી, અહીં ફક્ત અમારા જ નિયમો અને માપદંડ લાગું પડતા. કૉલેજ કમ્પાઉન્ડ અમને અમારા ઘર જેવું લાગતું. અહીંના વિદ્યાર્થીઓ અમારા સ્વજન અને અહીંના શિક્ષકો અમારા વડીલો.

કૉલેજના દરવાજાની બહાર પગ મૂકતાની સાથે જ હૃદયના ધબકારા વધી જતા ને પગમાં કંપન અનુભવતાં. પુરુષ પ્રધાન સમાજમાં જ્યાં કોઈ ખૂણે બાળકીને જન્મતાવેંત જ દૂધના વાસણમાં ડુબાડી દૂધ પીતી કરી દે છે, અને કદાચ આમાંથી જો કોઈ બચી જાય તો બાલ્યઅવસ્થામાં જ તેના લગ્ન કરાવી તેની લાગણીઓ અને સપનાઓનું ગળું દબાવી દે છે. અને જો ભાગ્ય સારા હોય તો તેને સરસ્વતિદેવીની ઉપાસના કરવાની તક મળે. પરંતુ યુવાનીમાં તેને મા-બાપ પારકી થાપણ સમજી પરણાવી દે છે. અહીં પણ કોઈ કસર બાકી રહેતી નથી સાસરીયાઓ કોઈ ને કોઈ બહાને દહેજ અને પૈસાની માંગણી કરી તેના જીવનમાં દુઃખોના ડુંગરા ઊભા કરી દે છે. અને જીવનમાં આ ત્રાસ સહન ન થતાં ક્યારેક આત્મહત્યાનો વિકલ્પ પસંદ કરે છે તો ક્યારેક સાસરીયા પક્ષના જ તેને જીવતી જ અગ્નિના હવાલે કરી દે છે. દવાખાનાનાં પલંગ પર સુતેલી એ સ્ત્રી, તેનો દેહ સાક્ષી પુરાવે છે કે તેને બાળી મૂકવામાં આવી છે, તેના શરીરમાંથી નીકળતી અગનશીલ જવાળાઓ, ચહેરાની દઝાયેલી લટકી પડેલ ચામડીમાંથી તેની એ રમતીયાળ કીકી આજે પણ સુંદરતા, લાગણીશીલતા અને પવિત્રતાનું ભાન કરાવે છે. આ છે આપણા પુરુષપ્રધાન માનવ સમાજની વિકૃત તસવીર. જ્યાં સ્ત્રીને મા, બહેન, ભાભીની ઉપાધિથી નવાજવામાં આવે છે પરંતુ તેના જીવનમાં મૂલ્યોને કોઈ સમજી શકતું નથી.

સ્ત્રી શબ્દના ઉચ્ચારણ સાથે જ હૃદયમાં મનોમંથન અનુભવુ છું કે સ્ત્રી હોવું એટલે માત્ર પુરુષ ન હોવું એમ નથી. સ્ત્રી હોવું એટલે પણ બધું હોવું એમ પણ છે. સ્ત્રીને વિચારવાનો, ભાવના વ્યક્ત કરવાનો, સ્વપ્ન જોવાનો અને જીવનને પોતાની રીતે આકાર આપવાનો અધિકાર છે. પ્રત્યેક સ્ત્રી આઈસબર્ગ હોય છે પણ આપણા સમાજમાં આઈલેન્ડ

પાત્ર બનીને રહી જાય છે.

આજે જ્યારે લીલા ઘાસમાં મારા સુંદર પગ જોઉં છું ત્યારે મારી શ્વેત પાનીઓના પીંજરામાં પુરાયેલ મારું ભાવી ભાગ્યરેખાના સળીયા તોડી શકતુ નથી ત્યારે મારી આંખોમાં ખુપેલા આ પ્રશ્નાર્થ આશ્ચર્યચિન્હ બની રહે છે. આકાંક્ષામાં ઉડતી હું ક્યારેક વ્યાકુળ થઈ જાઉં છું. ક્યારેક તો સંબંધોના શરીરમાં ફ્રીજ થઈ ગયેલ લાગણીઓ નારી મુક્તિની સળગતી આગમાં કૂદી પડશે ત્યારે સ્ત્રીશક્તિએ સર્જેલા જવાળામુખીમાં આ દંભી સમાજના દુષણોનો અંત આવશે.

જીવનના દરેક વળાંક પર ઘટતી અકલ્પ્ય ઘટનાઓ અને કસોટીઓમાંથી તમને પાર ઉતારે અને જીવનમાં દુઃખો સહન કરવાની શક્તિ આપે તેમજ હંમેશા સ્મિતથી જીવનને આમ જ આનંદમય બનાવતા રહીએ અને પૂર્ણ સ્ત્રીત્વ પ્રાપ્ત કરી માતૃત્વના પ્રકાશથી જીવનને પ્રજવલ્લિત કરીએ તેવી મારી સર્વે સખીઓને પરમાત્માના આશીર્વાદ.

વૈરાગ્ય ભાવથી વિનમ્ર બનીને મહત્વકાંક્ષી ઝંખનાઓને પૂર્ણ કરી વિકાસશીલ સમાજને પ્રેરણારૂપ બની વાત્સલ્ય અને પ્રેમના ઝરણા વહાવવાનો એક પ્રયત્ન. વૈ - વૈરાગ્ય ભ - ભાવથી વી - વિનમ્ર

●●●

## આભારવશતાનો અભિગમ

**- રાહુલ બી. ઠક્કર**

**'Thank You'** 'આપનો આભાર' આ બે શબ્દોએ આપણા સૌના જીવનને કેટલું સુંદર બનાવ્યું છે ! આભારવશતાનાં અભિગમનો આ જાદુ છે. જીવનનાં આ પ્રકારનાં અભિગમથી જીવનને આપણે સુંદરની સાથે-સાથે સત્ય અને શિવમય પણ બનાવી શકીએ છીએ. સૌ પ્રથમ તો આપણને સૌને આવું સુંદર મનુષ્યજીવન મળ્યું છે, તે માટે આપણે ઈશ્વરનો આભાર માનવો રહ્યો. આવા મહામૂલા માનવદેહને સાર્થક કરવા માટે જીવનમાં આભારવશતાનો અભિગમ એ સૌથી મોટો રાજમાર્ગ છે. એના થકી જીવન એ પ્રસન્નતાનો એક અવસર બની રહે છે. જીવન તરફ આપણે એક દ્દષ્ટિપાત કરીશું તો આપણને સમજાશે કે કુદરતના અનેક પરીબળોની સાથે-સાથે સમાજનાં કેટકેટલાંય લોકોનાં આપણે ઋણી છીએ, આભારી છીએ. આ બધી વસ્તુઓ આપણને સહજરીતે મળી ગઈ હોવાથી આપણેમન એનું કોઈ મૂલ્ય નથી. એટલે આપણે માનીએ છીએ કે એમાં વળી આભાર શાનો માનવાનો હોય ? આ રીતે આભારવશતાનો અભિગમ ધીરે ધીરે અદશ્ય થવા લાગ્યો છે. બાકી આપણું જીવન અગણીત અહેસાનોથી ભરેલું છે. મનુષ્યને સામાજિક પ્રાણી કહેવામાં આવે છે એ પરસ્પરથી આપ-લેના સંબંધથી હૂંફ અનુભવે છે. સંબંધો પણ કેટલાં મીઠાશભર્યા હોય છે જો આપણે એ બધાનો હિસાબ કરીએ તો એ બધાના ઋણના ભાર નીચે આપણે ચોક્કસ દબાઈ જઈએ. જીવનમાં એટલા માટે જ અહેસાન અને આભારવશનો અભિગમ આવશ્યક છે. ઋણસ્વીકારની આ વાત કે કૃતજ્ઞતાનો ભાવ જીવનને અમૃતમય બનાવે છે. આ બધાની કિંમત રૂપિયામાં આંકી શકાય તેમ નથી. ધારોકે કોઈ વ્યક્તિએ આપણી જિંદગી બચાવી તો એનું મૂલ્ય કેટલું ? જીવનની એવી અનેક પરિસ્થિતિઓમાં ૧ + ૧ = ૨નું ગણિત ચાલી શકે તેમ નથી. ઋણ કે અહેસાનનો બદલો વેપારીનાં સંબંધોની માફક તરત ચૂકવી દેવાનો નથી. આપણે અહેસાનનો બદલો ચૂકવી દેવા માટે પણ ઉતાવળ કરવાની જરૂર નથી. યોગ્ય સમયે આપણા ઉપર કરેલ કોઈના ઉપકારના ઋણનો સ્વીકાર કરી પ્રેમપૂર્વક તેને પાછો આપી શકતા હોઈએ છીએ. આપણો આ આભારવશતાનો અભિગમ પણ પુષ્પની માફક હલકો-ફૂલકો હોવો જોઈએ. એ ઋણસ્વીકારને પણ આપણે પ્રેમપૂર્વક કોઈને પુષ્પગુચ્છ આપતા હોઈએ એ રીતે આપવો જોઈએ.

●●●

# 'કડવી વાણી' - સુન્દરમ્

-વિધિ એન. ઓઝા

ગાંધીવાદી અને સમાજવાદી વિચારસરણીના રંગથી રંગાયેલ સુંદરમ્ ગાંધીયુગનાં પ્રથમ હરોળમાં બિરાજમાન કવિ જ નથી રહ્યાં પણ વાસ્તવિકતાનો ચિત્તાર આલેખતા, રાષ્ટ્રજાગૃતિનો ઉત્સાહ અને દલિત પીડિત પરત્વેનો સમભાવ દર્શાવતા સફળ કલાનિષ્ઠ સર્જક પણ બની રહ્યા છે. ઈ.સ. ૧૯૩૩માં પ્રકાશિત થયેલ 'કડવી વાણી' સુન્દરમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. ગાંધી સૈનિક તરીકે સમાજના ઉત્થાન માટેના સુધારાનો આક્રોશ છે. સમાજ સુધારાનો સંદેશ લઈને આવેલા સુન્દરમ્ કોયા ભગતના કાલ્પનિક પાત્ર દ્વારા અર્વાચીન વિષયોની સંવેદનાને નિરૂપે છે. અહીં આકારીત થયેલ કાવ્યોમાં, ભજનોના ઢાળમાં આલેખાયેલ સૌંદર્યપ્રતિષ્ઠાની ચમત્કૃતિ આહ્લાદક લાગે છે.

'કડવી વાણી' કાવ્યસંગ્રહ બે ભાગમાં વહેંચાયેલ છે. પ્રથમ ભાગમાં કોયા ભગત તેની કડવી વાણીનો પરિચય કરાવે છે. અને બીજા ભાગમાં ભદ્ર સમાજથી બહિષ્કૃત દલીત-પીડિતોને લઈને મનમાં ઘોળાતા વિચારોની ફલશ્રુતિરૂપ 'ગરીબોનાં ગીતો'નું આવિષ્કરણ કરે છે. કોયા ભગતની કડવી વાણીના પહેલા ભાગમાં ભોજાના ચાબખાની જેમ કોયા ભગતની અવળ વાણીના પ્રાયોગિક નિદર્શન દ્વારા સમાજમાં પ્રવર્તમાન બદીઓ અને ભવાડાઓને ખુલ્લા પાડે છે. અત્યાર સુધી આપણે ઉત્તમોત્તમ માનતા આવેલ બાબતો-હકીકતે કેટલી પોલી અને ખોખલી હોય છે તેનું નિદર્શન તેઓ અહીં કરે છે. તેઓ જાણે છે કે આ બાબત તરફ ધ્યાન દોરતાં શબ્દોથી કોઈને ખોટું લાગશે જ ! એમ છતાં પોતે આ પ્રયોગ મન-હૃદયનાં શુધ્ધ સત્વથી કરી રહ્યાં છે, તેની તેઓ ખાતરી આપે છે. આ સંગ્રહમાં કરુણા-કટુતા-હાસ્ય વિનોદની લહેરોથી માનવીના વિવિધ પાસા રજૂ થયાં છે. કડવી વાણી સંભળાવતા પહેલાં જ તેઓ કહી દે છે -

'કડવા કારેલાના ગુણ ન હોય કડવા હો,
કડવા વચન ન હોય કડવા હો રે.'

આ દ્વારા પછીનાં કાવ્યોમાં નિરૂપાયેલ પોતાની કડવી વાણીને ઝીલવા તેઓ ભાવકને માનસિક રીતે સજ્જ કરે છે. સમાજમાં દેખાડો કરતી ઠાલી ભક્તિમાં રત રહેનાર લોકોનાં ઘરમાં અનાજ-પાણી-વસ્ત્રનાં પણ સાંસા પડવા માંડે એવી ભક્તિ શું કામની ? ઈશ્વરને સંભળાવતા તેઓ કહે છે -

'નવ નવ વાર આવ્યા તો ય ગાંડા જો,
શા સુધર્યા દિન આંહી ?
તારે આધારે વળગી થયા લોક
પાંગળા આ જગમાંહી ?'

તો 'ડોશીની પાડી'માં પોતાની પાડી ખોવાતાં ડોશીએ કરેલ વિલાપ અને પ્રભુને કરેલી આજીજીનું વર્ણન છે. ડોશીનાં 'પાડી ખોળી લૈ આવો દેવતા રે જી' શબ્દો સાંભળતાં ત્યાંથી પસાર થતાં કોયા ભગતે તેમની સાથે કરેલ વાર્તાલાપનું અને કર્મ કરવા ઈશ્વરે બક્ષેલી સમર્થતાનું નિરૂપણ 'લટકતું લીંબું'માં કર્યું છે. મૃત્યુ બાદ ગમે તેવી આર્થિક પરિસ્થિતિ છતાં નાત જમણની પેઢીઓથી ચાલી આવતી પરંપરા અને આ નાતૈયાઓની માનસિક વૃત્તિઓનું 'લાડવા ખવાડ'માં વાસ્તવિક ચિત્રણ આપતા તેઓ કહે છે -

'મર કે જીવ શું એમાં અમારે ? ખાવાની સાચી સગાઈ,
નાત ખવડાવ્યા વિણ ના તારો છૂટકો થાયે ભાઈ.

અમોને વાડકા ખવાડ ભાઈ'

આ પંક્તિ દ્વારા નાતિયાઓના ભોજન સ્વાર્થનો આસ્વાદ કરાવ્યો છે. તો

'રામ તારે ઘેર રોટી ખૂટી રે,

અમી અંતરની ખૂટી રે.'

કહીને કોયા ભગત 'દુઃખિયાની બળતરા'માં પ્રભુની દુનિયા અને આપણી દુનિયા વચ્ચેનો ફરક નિર્દેશે છે. 'કડવી વાણી'માં આલેખાયેલ દરેક વિષય વાસ્તવિકતાની ધરાતલ પર સર્જાયેલ છે. જો કે ભક્ત, ભગવાન માનવ સમુદાય બધા તરફ કોયા ભગતને પ્રેમ તો છે જ સાથે સાથે તેમના દુઃખમાં પોતાના દુઃખનો અહેસાસ પણ છે. દુઃખ દૂર કરવાની તપશ્ચર્યા છતાં હજી સુધી સિધ્ધિ વરેલી ન હોવાથી તેની અંતરજ્વાલા મુખમાંથી નીકળેલી વાણી રૂપે પ્રજવલિત થાય છે. તેના મનનો ઉકળાટ અને તલસાટ શબ્દોના માધ્યમથી બહાર આવે છે. પણ સમાજની આ પ્રવર્તમાન સ્થિતિને સુધારવા ક્યા રસ્તે જવું તેનું તે સૂચન કરી શકતો નથી. એ તો ફક્ત ત્યાં અંગૂલિનિર્દેશ જ કરી બતાવે છે - જ્યાં તેનાં મનને-આંખોને અયોગ્ય લાગે છે. શક્તિ, મુક્તિ, ઉત્સાહ, પુરુષાર્થ વગેરેનું સિંચન કરવાને બદલે અશક્તિ અને બંધનની ગરતામાં મનુષ્યને તથા તેના મનુષ્યત્વને ડૂબાડી દેતી ભક્તિ કે ધર્મની ભાવનાઓના વિરોધ રૂપે આ ભજનો આવિર્ભાવ પામ્યાં છે.

આ સંગ્રહનાં બીજા ભાગમાં ભજનોનાં ઢાળમાં નવો સમાજવાદ અને કટાક્ષભર્યા ગીતો રજૂ કરીને, વર્ગભેદ પર રચાયેલા સમાજમાં પ્રવર્તતા શોષણ અને અસમાનતા પ્રત્યે રોષ વ્યક્ત થયો છે. 'ત્રણ પડોશી' તેનું ઉત્તમ ઉ.દા. છે. સામાજિક બહિષ્કૃતતા, વર્ગભેદ અને ધર્મ વિષયક ખોટી માન્યતા વગરે પર કોયા ભગત હાસ્ય-કટાક્ષ યુક્ત વ્યંગ દ્વારા પ્રહાર કરે છે. આદમ, બંગડી, રુડકી, પાંદડી, માકોરબાઈ જેવા પાત્રો દ્વારા સમાજના એક ગરીબ તથા ઉપેક્ષિત વર્ગનાં જીવન ચિત્રો કાવ્યોમાં આલેખાયેલા છે. 'રૂડકી' કાવ્યમાં 'ભૂંડી ભટ્ટ' અને 'ભૂખી ડાંસ' રૂડકીની ચીંથરેહાલ દશાનું નિદર્શન થયું છે -

'વાઘરીવાડની રૂડકી એના લટિયે લટિયે લીંખ,

અંગે અંગે ઓઘરાળા એનાં લૂગડાં પીંખાપીંખ'

તો 'વાડકી આપો છાશ' માં કારમી ભૂખનો ભોગ બનેલ મનુષ્યોની વેદના અને તલસાટ નિરૂપાયા છે.

'ફળીએ ફળીએ, શેરીએ શેરીએ, ઊઠે એક જ સાદ,

લોક ધરાવ્યામાં ભૂખ્યા રામનો ભૂખ્યો ભેંકાર નાદ.

અરે, કોઈ વાડકો આપો છાશ, મને કોઈ વાડકો આપો છાશ.'

ઉપર્યુક્ત પંક્તિ ગરીબીની કરુણતા - લાચારીની પરાકાષ્ઠામાં આપણને ગરકાવ કરી દે છે. 'અમારે હિન્દુને' કાવ્ય દ્વારા કવિએ સમાજમાં કહેવાતા ઉજળીયાત વર્ગ પર ભારોભાર કટાક્ષ કર્યો છે. તો 'ગરીબો કી રોટી' કાવ્યમાં કવિની સમાજના ગરીબ વર્ગો પ્રત્યેની સહાનુભૂતિ જણાઈ આવે છે. ઉંદરડી, દેટકાં, હાથી, સાગર, ટીંટોડી, કીડી, મોતી, ઢુંઢણી, તકલી જેવા રૂપકોએ કાવ્યનાં સૌંદર્યને નવું જ ઓજસ આપ્યું છે.

અહીં નોંધનીય બાબત એ છે કે -

કોયો ભગત મોટો ભજનીક નથી, તેમ જ સંગીતશાસ્ત્રી પણ નથી. છતાં કાવ્યનું એક એક પદ ગાઈ શકાય તેવું છે. કાવ્યની બાની લોકબાનીની છે. દરેક જાગૃત આત્માની અંદર જીવનની ઘેરી વિષમતા અને વિટંબણાઓ સામે વિરોધ તો થયા જ કરતો હોય છે. બસ! એ જ વસ્તુને કોયા ભગતના પાત્ર દ્વારા અહીં રજૂ કરાવવામાં આવી છે. 'કડવી વાણી' પ્રાચીન સમયમાં અર્વાચીન સમયની ઝાંખી કરાવે છે. નવા જમાનાની ભાવના અને જૂના જમાનાની પરંપરાની સરવાણી એકત્રિત થઈને સુન્દરમનાં આ કાવ્યસંગ્રહમાં વહી રહી છે.

●●●

# દેશનું યુવાધન રાષ્ટ્ર માટે શું કરી શકે ?

- અરૂણ બી. વસાવા

હા, આ એ જ ભૂમિ છે. જેને ચક્રવર્તી રાજા ભરતનાં ચરણોએ વીરતા બક્ષી હતી.

આજના યુવાનો એ જ ભારતભૂમિનાં સંતાન છે. જેણે ક્યારેક ભગતસિંહ, રાજગુરૂ, સુખદેવ, ચંદ્રશેખર આઝાદ, રાણી લક્ષ્મીબાઈ, સ્વામી વિવેકાનંદ જેવા માનવરત્નોને જન્મ આપ્યો હતો. જેમણે પોતાની યુવાની દેશને માટે ખર્ચી નાંખી હતી.

આપણા ભવ્ય વારસાને આજના યુવાનો અનુસરે તો ચોક્કસ આજના ભારતમાં ઘણું બધું પરિવર્તન આવી શકે એમ છે. અમેરિકાનું સૌથી પ્રતિષ્ઠિત અખબાર વૉલસ્ટ્રીટ જર્નલ કહે છે - 'ગત દાયકો ભારતનો હતો અને આગામી દાયકામાં ભારત જો જોર લગાવે તો ૨૧મી સદી ભારતની બની જાય. આવનારા વીસ વર્ષમાં ચીન અમેરિકાને ઑવરટેક કરી વિશ્વમાં નંબર વન સુપરપાવર બની શકે તો ૭૦ ટકા યુવાન વસતી ધરાવતું ભારત પચાસ વર્ષમાં દુનિયામાં નંબર વન ન બની શકે ?

દેશની મુખ્ય તાકાત છે યુવાધન. આ યુવાધન ધારે તો દેશને ટોચના સ્થાને પહોંચાડી શકે પરંતુ આપણે ત્યાં ઘણાં બધાં અવરોધક પરિબળો છે. દેશનાં વિકાસમાં મુખ્ય અવરોધક પરિબળ હોય તો તે છે ભારતનું ગંદુ રાજકારણ. આજે આપણે જોઈએ છીએ કે દેશમાં મોટે ભાગે ૬૦ થી વધુ વયનાં નેતાઓ ઉચ્ચ સ્થાને બેઠા છે. દેશના આ રાજકારણીઓ યુવાનોનો ખોટી રીતે ઉપયોગ કરી રહ્યાં છે. આજે આપણે આતંકવાદ, કોમવાદ ફેલાયેલો જોઈએ છીએ. આ કામ કરનારાં મોટે ભાગે યુવાનો હોય છે. પરંતુ આવું કામ કરાવનારા રાજકારણીઓ જ હોય છે. દેશના યુવાનોનો આવી રીતે ખોટો ઉપયોગ દેશને કઈ સ્થિતિએ મૂકશે ?

મિત્રો, દેશ માટે યુવાનો ધન સમાન છે. પરંતુ એ ધનનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ, તો ને તો જ દેશનો વિકાસ થઈ શકશે. મિત્રો, આ લેખ લખતાં મને આપણા પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના શબ્દો યાદ આવે છે.

'અમારી પેઢીનાં સૌથી મોટા માણસની એવી આકાંક્ષા હતી કે પ્રત્યેક આંખના પ્રત્યેક આંસુ લુંછાઈ જાય. એમ કરવું આપણી શક્તિ બહારનું હોઈ શકે, પરંતુ જ્યાં સુધી આંસુ છે અને પીડા છે ત્યાં સુધી આપણું કામ પૂર્ણ નહીં થાય.

તો, મિત્રો દેશનો દરેક યુવાન આ શબ્દોને બે મિનિટ બેસીને સારી રીતે વિચારે તો તે દેશને માટે ઘણું બધું કરી શકે. આજની યુવા પેઢી આ વાક્યને સાર્થક કરી શકે છે. પરંતુ ક્યારે ? જ્યારે તેનામાં રહેલી યુવાનીની તાકાત જાગી ઊઠે ત્યારે નૈતિક મૂલ્યો અને ચરિત્રના પાઠ વિના શિક્ષિત થયેલો યુવક દીક્ષિત થવાને બદલે પૈસા પાછળની દોટને કારણે જે વ્યવસાયમાં જાય ત્યાં વ્યભિચાર, અનાચાર, ભ્રષ્ટાચાર અને આતંકનો શિકાર બને છે. પરંતુ આ બધુ છોડીને યુવાનો યોગ્ય દિશામાં પોતાની જાતને વાળે તો તે રાષ્ટ્રને નિરાશાના અંધકારમાંથી આશાનાં ઉજાશ તરફ દોરી જાય. યુવાન પોતાની યુવાનીના જોરે દેશમાં રહેલી સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પીડાને દૂર કરી શકે છે.

દેશનું યુવાધન દેશની મજબૂરાઈ માટે નહીં પરંતુ દેશની મજબૂતાઈ માટે હોવું જોઈએ. અને આ યુવાધન દ્વારા આપણે દેશમાં મીઠાની ખેતી નથી કરવાની તેના દ્વારા આપણે શાંતિ અને અમનની ખેતી કરવાની છે.

તો મારી એક જ અપીલ છે કે દેશરૂપી ભક્તિમાં એકલીન થાઓ અને થોડું તો દેશ માટે વિચારો !

દેશમાં આવતી નિષ્ફળતાઓની સીડી અને મુશ્કેલીઓની લાકડી બની દેશનાં અવરોધક પરિબળો સામે લડવા તૈયાર થાઓ.

●●●

## માતા-પિતાને ભૂલાય ?

- રાહુલ બી. ઠક્કર

લક્ષ્મીનારાયણની પ્રતિકૃતિ સમા હોય છે આપણા માતા-પિતા,
આપણા શરીરનાં નિર્માણમાં, નિમિત્ત આપણા માતા-પિતા
માતા-પિતાએ કષ્ટ વેઠીને કર્યા આપણને મોટા,
દિવસરાત એક કરીને તેઓ કરતા આપણી ચિંતા.
આ જગતમાં આપણા પ્રથમ ગુરુ હોય છે આપણા માતા-પિતા,
માતાના ધાવણની કિંમત, ચૂકવી ના શકાય પૈસામાં.
પિતાએ પાડેલા પરસેવાની કિંમત ચૂકવાય નહીં કદિ ચલણમાં,
ક્યા શબ્દોથી વર્ણવું હું માતા-પિતાની છત્રછાયા ?
માતા-પિતાનો સિંહફાળો હોય છે આપણી ઉન્નતિમાં,
તેમણે આપણને હાથ આપ્યો આપણા પગભર થવામાં,
એવા આપણા માતા-પિતાને આદરનું સ્થાન આપજો ઘરમાં,
માતા-પિતાને ભૂલથી પણ નાખે ના કોઈ ઘરડાં ઘરમાં.
જ્યારે કશુંક કામ ના આવે જીવનની પ્રતિકુળ સ્થિતિમાં,
ત્યારે કેવળ કામ આવશે આશીર્વાદ આપણા માતા-પિતાના.

## આજનો માનવી

- પ્રિયંકા રાવત

આજનો માનવી **'Mobile'** થઈ ગયો.
સામે કોણ છે એ જોઈને
**'Phone Receive'** કરતો થઈ ગયો.
સ્વાર્થના ચશ્મા પહેરી સંબંધો પણ
**'Switch off'**કરતો થઈ ગયો
હોય બરોડામાં ને છું બોમ્બેમાં એમ
જુઠું બોલતો થઈ ગયો.
આજે **'Hutch'**તો કાલે **'Airtel'** એમ
ફાયદો જોઈને સગા-વ્હાલા અને મિત્રોને
બદલતો થઈ ગયો.
**'Incoming-outgoing'**ના ચક્કરમાં
ફેમીલીના **'Coverage'**ની બહાર થઈ ગયો.
એક ફોનમાં બે **'Simcard'** રાખી
ડબલ જીંદગી જીવતો થઈ ગયો
આજનો માનવી **'Mobile'** થઈ ગયો.

## તમે આવ્યા

- શક્તિ કે. ખેર

તમે આવ્યા ને અમે જવાના,
શું લાવ્યા ને લઈ જવાના.
તમે કૂંપળની જેમ ખિલવાના,
ને અમે પીળા પાંદડાની જેમ ખરી પડવાના.
તમે ઊગતાં સૂર્યની જેમ હસવાના,
ને અમે આથમતા સૂર્યની જેમ રડી પડવાના.
તમે ગુલાબની જેમ મહેંકવાના,
ને અમે પોયણાંની જેમ કરમાઈ જવાના.
તમે દરિયાના મોજાની જેમ ઉછળવાના,
ને અમે ઝરણાંની માફક ખળ-ખળ વહી જવાના.
તમે આવ્યા શું લાવ્યા ?
ને અમે ગયા શું લઈ ગયા ?

## Children Learn what THEY LIVE

**- Deepa B. Panchal**

If a child lives with CRITICISM
he learn to CONDEMN,
If a child lives with RIDICULE
he learns to SHY,
If a child lives with SHAME
he learns to feel GUILTY,
If a child lives with TOLERANCE
he learns to the PATIENT,
If a child lives with ENCOURAGEMENT
he learns to the CONFIDENT,
If a child lives with PRAISE
he learns to APPRECIATE,
If a child lives with FAIRNESS
he learns JUSTICE,
If a child lives with SECURITY
he learns to have FAITH,
If a child lives with APPROVAL
he learns to like HIMSELF,
If a child lives with ACCEPTANCE and
FRIENDSHIP
he learns to find love in the world.

## તો કહેજે...

**- મુકેશ ગજ્જર**

એ.જી.ટીચર્સના પટાંગણમાં આવીને તો જો,
'વિવેક અને શિસ્ત' ન શીખાય તો કહેજે.

એ.જી.ટીચર્સની સીડીઓ ચઢી તો જો,
'આદર અને સન્માન' ન આવી જાય તો કહેજે.

એ.જી.ટીચર્સના વર્ગોમાં ભણી તો જો,
'વિદ્યારૂપી ધન' ન મળે તો કહેજે.

એ.જી.ટીચર્સની સહઅભ્યાસ પ્રવૃત્તિમાં જોડાઈ તો જો,
'ભણતર સાથે ગણતર' ન થાય તો કહેજે.

એ.જી.ટીચર્સના ગુરુજનો પાસે શિક્ષણ મેળવી તો જો,
'જીવન જીવવાની કળા' જાણવા ન મળે તો કહેજે.

એ.જી.ટીચર્સ પરિવારના આશીર્વાદ મેળવી તો જો,
'જીવન જીવ્યાનો અહેસાસ' ના થાય તો કહેજે.

## THANKS

**- Monaz Memon**

I Want to thank you Dear lord
For some very special people - I LOVE.
special people who love me
just because i am me
people who believe that
i am important
people Who can stand with me-
as i am even when
i am sour and disagreeable
people who listen when I ooze out
My emotional burden
people Who shake me when
my spirit falls a sleep
For all those very special people.
I Want to shout and shout with 'thanks'
Those are the people one today,
one tomorrow
who look for that part of me
who worry with me until that
part of me is free
who will love what ever is left out of me-
When the day is over.
For all those very special people
I want to sing, sing and sing with
joy and Love.

## Butterflies

**- Sweta B. Saha**

Butterflies, butterflies, butterflies,
you all make lovely flies
But I love you r wings,
which are sometimes hidden by trigs
you are so beautiful,
And are also very colourful.
you just love spring nectar
At each and every sector.
Your wings are so small
And light like a tennis ball,
Butterflies, butterflies, butterflies.
You all are very nice.

II JAY SHRI UMIYA MATAJI II
II JAY SIYA RAM II

# SCIENCE CORNER GROUP

Shri Ganesh

Mr. Urvish I. Patel
(M.Sc., B.Ed.)
Mrs. Bhavna U. Patel
(B.A., P.T.C.)

**Always Be Ahead.........**
**Gujrati & English Medium**
**Std. 5 to 10**

**Address : G-98/1176, Shivam Appartment, Near Vyas Vadi, Nava Vadaj, Ahmedabad-13**
**M. 9909007512**
**E-mail : uvpatelscg@gmail.com**

॥ જય સેંધી મા ॥

Mahesh Oza
M. 98988 60393



# SWASTIK
## MOTOR DRIVING SCHOOL

4, First Floor, Shivam Complex, Opp. Agrawal Tower, Bhuyangdev Char Rasta, Sola Road, Ahmedabad-63.

116, First Floor, Satyam Complex, Opp. R.K.Royal Hall, Science City Road Ahmedabad-60.

# NIRAV PRAKASHAN™

(Educational Publishers)

29, Kalyan Bhavan, Near Havmor Restaurant, Relief Road, Ahmedabad-1.

Phone : (079) 25352172, 25353320, 25323659

E-mail : nirav_prakashan@yahoo.co.in

B.Sc. M.Sc. B.Ed. M.Ed. B.C.A.

M.C.A. P.T.C. I.T.I. LL.B.

Pharmacy

Std. : 11, 12th Science

Diploma / Degree Engineering

ના પ્રકાશનોમાં

અગ્રેસર પ્રકાશન સંસ્થા


'An Attire for the Celebrations'
Oona
Sarees
Lehenga Cholis
Salwar Suits
Sherwanis
Kurtas
Partyware
Customization
OONA DESIGNER'S STUDIO
Shop No.:4, Ground Floor Vinus Atlantis, Reliance Petrol Pump, Prahalad Nagar, Ahmedabad - 380 015.
Ph. No.: 079-65499999 E-mail: oonadesignerstudio@yahoo.com

